# ગુજરાતી ફિલ્મ મેગાસ્ટાર નરેશ કનોડિયાનું નિધન

**ગાંધીનગર ખાતે અંતિમ દર્શન માટે રાજ્યભરમાંથી કલાકારો અને ચાહકો ઉમટ્યા હતા : સેક્ટર-30 મુક્તિધામ ખાતે તેમના સુપુત્ર હિતુ કનોડિયાએ અંતિમસંસ્કાર કર્યા હતા : સેક્ટર-૮ સ્થિત નિવાસસ્થાને દિવસ દરમિયાન ફિલ્મ ઉદ્યોગના દિગ્ગજ કલાકારો અને નિર્માતાઓ અંજલિ આપવા પહોંચ્યા હતા : ૨૦ ઓક્ટોબરના રોજ નરેશ કનોડિયાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને યુએન મહેતામાં ખસેડવામાં આવ્યા હતા : બે દિવસ પહેલા જ મોટાભાઇનું અવસાન થયું હતું :**





ગાંધીનગર,તા.૨૭

ગુજરાતી ફિલ્મ જગત માટે દુખદ સમાચાર આવ્યાં છે. ગુજરાતી ફિલ્મ અભિનેતા અને પૂર્વ ધારાસભ્ય નરેશ કનોડિયાનું ૭૭ વર્ષે નિધન થયું છે. તેઓ યુ.એન. મહેતામાં કોરોનાની સારવાર લઈ રહ્યાં હતા. નોંધનીય છે કે, બે દિવસ પહેલા નરેશ કનોડિયાના મોટાભાઈ મહેશ કનોડિયાનું મૃત્યું થયું હતું. ગુજરાતી સિનેમામાં નરેશ-મહેશની બેલડીની ખોટ કોઇ પૂરી શકશે નહીં. ૨૦ઓક્ટોબરના રોજ નરેશ કનોડિયાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેને પગલે તેમને સારવાર અર્થે અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ૨૨ ઓક્ટોબરે યુએન મહેતા હોસ્પિટલમાંથી નરેશ કનોડિયાની એક તસવીર સામે આવી હતી, જેમાં તેઓ બેડ પર ઓક્સિજન માસ્ક સાથે સારવાર લેતા જોવા મળ્યા હતા. તેમજ તેમની તબિયતને લઈ તેમના દીકરા અને કડીના ધારાસભ્ય એવા હિતુ કનોડિયા પણ આજે તેમના પિતાનો એક ફોટો પોસ્ટ કરી પ્રાર્થના કરવા અપીલ કરી હતી. નરેશ કનોડિયાના નિધનનાં સમાચાર આવતા અરવિંદ વેગડાએ દુખ વ્યક્ત કરતા જણાવ્યું કે, આ ક્ષેત્રમાં આવ્યો ત્યારે હું કહેતો હતો કે મારે નરેશ કનોડિયા જેવું બનવું છે. નરેશ કનોડિયા ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝનો મોટો આધાર સ્તંભ હતા. તેમનું નિધન થયું છે તે હું માની નથી શકતો. સાથે બેઠા હોઈએ ત્યારે મને દીકરા જેવી ફિલિંગ આવતી હતી. ગુજરાતી સિનેમાને સૌથી મોટી ખોટ પડી છે. મહેશ કનોડિયાને કુદરતી બક્ષિસ હતી, ૩૨ જુદા જુદા અવાજમાં ગીતો ગાવાનો જાદુ ધરાવતા હતા. મહત્વનું છે કે, ૨૫ ઓક્ટોબરનાં રોજ નરેશ કનોડિયાના મોટાભાઈ અને ગુજરાતી ફિલ્મના સંગીતકાર તથા પાટણના પૂર્વ લોકસભા સાંસદ મહેશ કુમારનું લાંબી માંદગી બાદ ૮૩ વર્ષની વયે ગાંધીનગર ખાતે નિધન થયું હતુ. મહેશ-નરેશ નામે મ્યૂઝિકલ કાર્યક્રમો દેશ અને વિદેશમાં આપ્યા હતા.

# નવરાત દરમિયાન આરટીઓમાં માત્ર ૭૩૦ નવા વાહનોની નોંધણી

**ગત વર્ષે આ દિવસોમાં ૧૭૩૧ નવા વાહનો નોંધાયા હતા**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરમાં વાહનોની સંખ્યા વધતા છેલ્લા એક દાયકમાં ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. નગરના માર્ગો પર વાહનોની વિશેષ અવરજવર જોવા મળે છે. જયારે વાહનોની ખરીદીનુ પ્રમાણ પણ છેલ્લા કેટલાક વર્ષોમાં વધ્યુ છે. પરંતુ કોરોના કાળ દરમિયાન વાહનોની ખરીદીમાં ભારે ગિરાવટ જોવા મળી છે. ગત વર્ષ દરમિયાન નવરાત્રીમાં અંદાજિત ૧૭૩૧ જેટલા વાહનો આર ટી ઓ કચેરીના ચોપડે નોંધાયા હતા જયારે આ વર્ષે નવરાત દરમિયાન માત્ર ૭૩૦ નવા વાહનોની જ નોંધણી થઈ છે. કોરોનાના લોકડાઉન બાદ હવે સંક્રમણથી બચવા ધીમે ધીમે વાહન ખરીદીનુ પ્રમાણ વધી રહ્યુ છે. પરંતુ નવરાત દરમિયાન થતા વેચાણમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

શહેરમાં છેલ્લા એક દોઢ દાયકાથી માર્ગો પર ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. વાહનોની સંખ્યા વધતા મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. ત્યારે વાહનોની ખરીદી પણ વિશેષ થાય છે. ઓટો ઉદ્યોગમાં વિવિધ કંપનીની કાર તેમજ ટુ વ્હીલરમાં પણ અનેકવિધ આકર્ષણો જોવા મળે છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી વાહન ખરીદીનો ગ્રાફ વધ્યો છે. પરંતુ કોરોના કાળમાં આ સ્થિતિ વિપરિત જોવા મળી રહી છે. નવરાત દરમિયાન અલબત્ત વિવિધ તહેવારોમાં પણ વાહનોની વિશેષ ખરીદી થતી હોય છે પરંતુ આ વર્ષે વાહન ખરીદીનુ પ્રમાણ ઘટયુ છે. અલબત્ત ગત વર્ષની સાપેક્ષમાં આર ટી ઓના ચોપડે પણ વાહન નોંધણીના આંકડા પરથી આ વાત સ્પષ્ટ થાય છે. ગત વર્ષ દરમિયાન આર ટી ઓ કચેરીમાં ૧૭૩૧ જેટલા નવા વાહનોની નોંધણી થઈ હતી જેમાં ૧૦૯૬ ટુ વ્હીલર ૩૦૦ કારનો સમાવેશ થાય છે.જયારે આ વર્ષે માત્ર ૭૩૦ વાહનોની નોંધણી પૈકી ૪૪૬ ટુ વ્હીલર અને ૧૪૦ કારનો સમાવેશ થાય છે. જેના પરથી સ્પષ્ટ થાય છે કે વાહનોની ખરીદી ગત વર્ષની સરખામણીએ ઓછી થઈ છે. જો કે કોરોના દરમિયાન છેલ્લા ચાર મહીનાથી વાહનોની ખરીદી તરફથી નાગરિકોનુ ધ્યાન હટી ગયુ હતુ. પ્રારંભિક તબક્કે લોકડાઉનના લીધે બધુ બંધ હતુ જયારે બજાર ખુલતા ઓટો ઉદ્યોગની ગાડી ધીમે ધીમે પાટે ચઢી રહી છે. બીજીતરફ હાલની સ્થિતિએ આમ નાગરિકો પબ્લીક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવાનુ ટાળી રહ્યા છે. ત્યારે હવે વાહનોની ખરીદી તરફ ઘસારો વધ્યો છે. ઉત્પાદનના અભાવે સમયસર ડિલીવરી પણ આપી શકાતી ન હોવાનુ ઓટો કંપનીના ડિલરો જણાંવી રહ્યા છે. કોરોના કાળમાં વાહનોનુ વેચાણ ઘટયુ હતુ પરંતુ હાલ ધીમે ધીમે સુધાર જોવા મળી રહ્યો છે. ત્યારે નવરાત્રી , દશેરાના તહેવારમાં નાગરિકો વિશેષ વાહનો ખરીદે છે. ત્યારે આ વર્ષે નવરાત દરમિયાન આર ટી ઓ કચેરીમાં માત્ર ૭૩૦ જેટલા વાહનોની જ નોંધણી થઈ છે. જે ગત વર્ષની સાપેક્ષમાં ઘણી ઓછી છે.

# પિકઅપ બસ સ્ટેન્ડને મંજૂરી આપતા મેયર

**ખાસ બોલાવાયેલી બેઠકમાં ૨.૩૪ કરોડના ખર્ચે પિકઅપ બસસ્ટેન્ડનું સ્થાયી સમિતિએ રદ કરેલુ ટેન્ડર મંજૂર કરવા સૂચના : મેયરે બોલાવેલી મીટિંગને માત્ર બે કાઉન્સિલરનું સમર્થન, ચેરમેન-ડેપ્યુટી મેયર ગેરહાજર રહ્યા**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટાબેન પટેલે આજે મનપાની ખાસ બેઠક તેમને મળેલા અધિકારો અન્વયે બોલાવી સ્થાયી સમિતિએ નામંજૂર કરેલ પિક-અપ સ્ટેન્ડ બનાવવાના ટેન્ડરને મંજૂરી આપી અને આ અંગેની જરૂરી કાર્યવાહી કરવાના આદેશો તંત્રને આપ્યા છે.

સ્થાયી સમિતિએ અગાઉ બે વખત પિક-અપ સ્ટેન્ડ બનાવવાની દરખાસ્તને ફગાવી દીધી હતી. આજે બોલાવેલી ખાસ બેઠકમાં ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન ગેરહાજર રહ્યા હતા. માત્ર બે મહિલા કાઉન્સીલરોએ આ બેઠકમાં હાજરી આપી હતી.

આ બેઠકમાં મેયરે રૂ. ૨.૩૪ કરોડના ખર્ચે શહેરમાં પિકઅપ સ્ટેન્ડ બનાવવાના ટેન્ડરને મંજૂરી આપી હતી.

ઉલ્લેખનીય છે કે મેયરની વિવેકાધિન ગ્રાન્ટનો ઉપયોગ કરવા માટે નક્કી થયેલા માપદંડોમાં બસ સ્ટેન્ડનો સમાવેશ ન થતો હોવાનું સ્થાયી સમિતીના સભ્યોએ ઠરાવ્યુ હતું. જેના કારણે બે વખત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને કમિશનરે દરખાસ્ત મોકલી હોવા છતાં તેને ફગાવી દેવાઈ હતી. બીજી બાજુ, અગમ્ય કારણોસર મેયર પોતાની ગ્રાન્ટમાંથી પિક અપ બસસ્ટેન્ડો બનાવવા મક્કમ છે. ગાંધીનગર શહેરના આંતરિક વિસ્તારોમાં આશરે રૂ.અઢી કરોડના ખર્ચે પિક અપ બસ સ્ટેન્ડો બનાવવાની દરખાસ્ત મહિનાઓથી રદ થતી આવી છે. સ્થાયી સમિતીના સભ્યો કોઈ પણ ભોગે દરખાસ્તને મંજૂરી નહીં આપવા માટે મક્કમ છે અને મેયરે મુદત પૂરી થતાં પહેલા પોતાની ગ્રાન્ટનો ઉપયોગ બસ સ્ટેન્ડ બનાવવા કરવો છે.

સ્થાયી સમિતીએ ઠરાવ મારફતે રદ કરેલી દરખાસ્તને ગત સામાન્ય સભામાં મંજૂરી અપાવવાની હિલચાલ પણ થઈ હતી. સ્થાયી સમિતી અને સામાન્ય સભા બંને મોરચે પછડાટ મળવા છતાં મેયરે હજુ હથિયાર હેઠાં મૂક્યાં નથી. તેમણે મંગળવારે આ મામલે વહીવટીતંત્ર અને ચૂંટાયેલી પાંખની એક બેઠક બોલાવી હતી. આ બેઠકમાં હાજર રહેવા માટે મેયર તરફથી ડેપ્યુટી મેયર, ચેરમેન, સ્થાયી સમિતીના સભ્યો,

● અનુસંધાન પાન-૭ પર

## મેયરે આ કલમ હેઠળ વિશેષાધિકારનો ઉપયોગ કર્યો

મેયરે કમિશરને પાઠવેલા પત્રમાં જીપીએમસી એક્ટરની કલમ ૬૭ (૩-કક) (૩-એએ)ની જોગવાઈ અન્વયે મળેલી સત્તાના આધારે સ્થાયી સમિતીએ કરેલા ઠરાવને રદ કરવા નિર્ણય લેવાયો છે. આ પત્રમાં મેયરે જણાવ્યુ હતું કે, માર્ગ-મકાન વિભાગની ડીઝાઈન અનુસાર બસ સ્ટેન્ડ બનાવવાના થાય છે. ગાંધીનગર મ્યુનિ.ના વર્ષ-૨૦૨૦-૨૧ના બજેના બજેટ કોડ-૧૧૨માં આ કામનો સમાવેશ થયેલો છે, પરંતુ નાણાકીય જોગવાઈ રખાઈ નથી. પરંતુ, તેનો ખર્ચ મેયરની વિવેકાધીન ગ્રાન્ટમાંથી કરવાનો થાય છે. માર્ગ-મકાન વભાગે નક્કી કર્યા મુજબ પ્રીકાસ્ટ બસ સ્ટેન્ડની ડીઝાઈન મુજબના ૮૧ બસ સ્ટેન્ડ બનાવવાના થાય છે. તેનાથી સુવિધા વધશે અને શહેર વધુ સ્માર્ટ થશે. આ સાથે બસ સ્ટેન્ડમાં જાહેરાતો આપીને અર્થોપાર્જન પણ થઈ શકશે. આ સંજોગોમાં બસ સ્ટેન્ડનું બાંધકામ કરવા માટેનું ટેન્ડર કોઈ ઉચિત અને યોગ્ય કારણોસર રદ કરી શકાય નહીં.

# જિલ્લામાં ૨૦ નવા કેસ નોંધાયા

**માણસાના ગોવિંદપુરામાં સાત કેસ, વાવોલમાં ૪ કેસ તો કુડાસણ-પોરમાં ૨-૨ કેસ નોંધાયા : સારવાર દરમ્યાન ગાંધીનગર તાલુકાના વૃદ્ધનું મોત : ૧૭ ને ડિસ્ચાર્જ કરાયા**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના કેસોમાં ઉછાળો આવ્યો હતો. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૦ કેસ નોંધાયા છે.

માણસા તાલુકાના ગોવિંદપુરા ગામેથી આજે સાત કેસ મળી આવ્યા છે. જિલ્લા આરોગ્યતંત્રના સત્તાવાળાઓ આ ગામે દોડી ગયા હતા. આ ગામમાં ગઈકાલે સામુહિક ટેસ્ટીંગ થયુ હતુ અને ૩૦ થી વધુ કેસ મળી આવ્યાની વાતો છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૨૦ કેસમાં ગાંધીનગરમાંથી ૯, દહેગામમાંથી ૨, કલોલમાંથી ૧ અને માણસામાંથી ૮ કેસનો સમાવેશ થાય છે.

આજે નોંધાયેલા ૨૦ કેસમાં ૧૦ મહિલા દર્દી મળી આવ્યા છે. જિલ્લામાં આજે પણ મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે જિલ્લામાંથી બે નાની વયના બાળકોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જેને લઈ તંત્રની ચિંતા વધી છે. મોટી વય ધરાવતા દર્દીઓની સંખ્યા પણ જે રીતે વધી રહી છે તેને લઈ તંત્ર ચિંતામાં છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ દર્દીઓ પૈકી આજે વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. ગાંધીનગર તાલુકાના ૭૫ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમ્યાન મોત થયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નોંધાયેલ દર્દીઓના વધતા જતા મૃત્યુદરને લઈ તંત્ર ચિંતાતુર છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૩માંથી પાંચ કેસ સહિત ૧૮ નવા કેસ નોંધાયા

**સે. ૮ માં ફિલ્મ અભિનેતા નરેશ કનોડિયાનું સારવાર દરમ્યાન અવસાન : સાત મહિલાઓ પણ સંક્રમિત થઈ : શહેરમાં આજે સે. ૩ માંથી ૫, સે. ૨૬ માંથી ૨, સે. ૨૭, સે. ૧૩ અને સે. ૨૪ માંથી પણ ૨-૨ કેસ ઉપરાંત સે. ૩-એ-ન્યુ, સે. ૭, સે. ૨૩, સે. ૩૦ અને જીઈબીમાંથી કેસ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં સે. ૩ માંથી આજે તથા સે. ૩-એ ન્યુ માંથી ૧ એમ કુલ ૬ કેસ સાથે વધુ ૧૮ દર્દીઓ કોરોનાના મળી આવ્યા છે. આ સાથે શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૭૯૯ પર પહોંચી છે અર્થાત્ ૧૮૦૦ની તદ્દન લગોલગ પહોંચવામાં આવી છે.

સારવાર દરમ્યાન સે. ૮ માં રહેતા ફિલ્મ અભિનેતા નરેશ કનોડિયાનું આજે યુ.એન. મહેતા હોસ્પિટલમાં અવસાન થયુ છે. આ સાથે શહેરમાં કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા વધીને ૨૮ થઈ છે.

શહેરમાં આજે નોંધાયેલ દર્દીઓની સંખ્યામાંથી મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં હાલ ૧૬૦ જેટલા દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

શહેરમાં આજે સે. ૩ માંથી ૫, સે. ૨૬ માંથી ૨, સે. ૨૭, સે. ૧૩ અને સે. ૨૪ માંથી પણ ૨-૨ કેસ ઉપરાંત સે. ૩-એ-ન્યુ, સે. ૭, સે. ૨૩, સે. ૩૦ અને જીઈબીમાંથી કેસ મળી આવેલ છે.

સે. ૨૬ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૪૬ વર્ષીય ગૃહીણી તથા ૫૮ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે સે. ૩ માંથી એક જ દિવસમાં પાંચ કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. તંત્રએ આ સેક્ટરમાં સઘન સર્વેલન્સ અને સોશિયલ ડિસ્ટન્સીંગના અમલને લઈ કડક તાકીદ કરતી સૂચનાઓ જારી કરી છે.

સે. ૩ માંથી ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૩ માંથી જ ચિલોડા આર્મી સ્કૂલમાં ફરજ બજાવતી ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩ માંથી જ ૪૭ વર્ષીય

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપના કાઉન્સીલર નીતિન પટેલ કોરોનાથી સંક્રમિત થયા

ગાંધીનગર મહાનગરપાલિકાના વધુ એક કાઉન્સીલર કોરોનાથી સંક્રમિત થયા છે. ભાજપના સિનીયર કાઉન્સીલર નીતિન પટેલનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં નીતિનભાઈ સહિત આજ સુધીમાં ૪ કાઉન્સીલરો સંક્રમિત થયા છે. સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, કોંગીના અંકિત બારોટ અને ઉર્મિલાબેન વર્મા સંક્રમિત થયા છે. ઉર્મિલાબેન કોરોનામુક્ત થઈ ગયા છે પણ ક્વોરોન્ટાઈમાં છે. અંકિત બારોટ અને નીતિનભાઈ પટેલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

નીતિનભાઈ પટેલે તેમના સંપર્કમાં આવેલ તમામ લોકોને ટેસ્ટ કરાવવા અને ક્વોરોન્ટાઈન થવા અપીલ કરી છે. આજે મનપાની યાદીમાં પણ તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાની પુષ્ટિ કરાઈ છે. તેઓ ખાનગી વેપાર સાથે સંકળાયેલા છે અને સે. ૨૬માં રહે છે. વોર્ડ-૧માં બે કાઉન્સીલરો ભાજપના સંક્રમિત થયા હોવાથી આ વોર્ડમાં રહેતા લોકોમાં પણ ભયની લાગણી પ્રસરી જવા પામી છે.






## જાહેર નોટીસ



આથી અમો એડવોકેટ એન્ડ નોટરી જશવંતસિંહ વી. રાઠોડ, ગાંધીનગરના તે અમારા અસીલ હિતેષકુમાર સુભાષચંદ્ર બ્રહ્મભટ્ટ રહે.-૧૩૧૨, શિવમ સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગરનાઓની સુચના અને ફરમાઈશથી આથી જાહેર જનતાને જણાવીએ છીએ કે.,

અમારા અસીલનો દિકરો નામે **સિદ્ધાર્થ હિતેષકુમાર બ્રહ્મભટ્ટ** પોતાની ઈચ્છા મુજબ મનસ્વીપણે રહે છે અને અમારા અસીલના કહ્યામાં નથી. તેમજ કમાતો નથી તથા ઘરની ફરજો નિભાવતો નથી. જેથી તેના આવા વર્તનથી અમારા અસીલે તેની સાથેના તમામ સંબંધોનો અંત લાવેલ છે. અને અમારા અસીલની તમામ સ્થાવર જંગમ મિલકતમાંથી તેઓને બેદખલ કરેલ છે. જેથી અમારા અસીલના પુત્ર સાથે કોઈપણ વ્યક્તિ, પેઢી કે સંસ્થાએ કોઈપણ જાતના નાણાકીય લેવડ-દેવડ કરવી નહી અગર જો કોઈ આવો વ્યવહાર કરશે અથવા તો નીકળી આવશે તો તેની કોઈપણ પ્રકારની જવાબદારી અમારા અસીલની રહેશે નહી. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતા ઈસમોએ ખાસ નોંધ લેવી.

**તારીખ : ૧૮ ડીસે. ૨૦૧૮,** **સહી/-**

**સ્થળ : ગાંધીનગર** **જશવંતસિંહ વી. રાઠોડ**

**સહી/-** **એડવોકેટ એન્ડ નોટરી**

**હિતેષકુમાર સુભાષચંદ્ર બ્રહ્મભટ્ટ ની સુચના અને ફરમાઈશથી**

## નાયબ મુખ્યમંત્રી પર ચપ્પલ ફેંકનારની ઓળખ ન થતા અજાણ્યાની સામે FIR

વડોદરા, તા. ૨૭

કરજણ વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે પ્રચાર કરવા ગયેલા ડેપ્યુટી સીએમ નીતિન પટેલ પર ચપ્પલ ફેંકવાની ઘટના અંગે પોલીસે અજાણ્યા શખ્સ સામે એફઆઈઆર નોંધી છે. ગઈકાલે નીતિન પટેલ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા ત્યારે અચાનક તેમના તરફ ચપ્પલ ફેંકાયું હતું. જોકે, આ ચપ્પલથી તેમને કોઈ ઈજા નહોતી થઈ. ચાલુ વિડીયોમાં જ નીતિન પટેલ પર ફેંકાયેલું ચપ્પલ તેમની આગળ રાખવામાં આવેલા માઈક પર પડ્યું હતું. જોકે, નીતિન પટેલે આ ઘટનાની કોઈ નોંધ ના લેતા પત્રકારો સાથે વાત કરવાનું ચાલુ રાખ્યું હતું.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com